23 નવેમ્બર 2023

# બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે નવો એનિમલ સર્વિસિસ બાય-લૉ મંજૂર કર્યો

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે નવો તમામ મુદ્દા સમાવેશીત એનિમલ સર્વિસિસ બાય-લૉ મંજૂર કર્યો જે અનેક પરિવર્તનો લાવશે.

નવો એનિમલ સર્વિસિસ બાય-લૉનું અમલીકરણ કરવાથી રહીશો અને પ્રાણીઓ સહિત આખા સમુદાયને સલામત રાખવાની સિટીની ક્ષમતામાં વધારો થશે, જે પાલતુ પ્રાણીઓ અને વન્યજીવો સાથે સંસર્ગ કરીને તેમની સંભાળ રાખવાની શ્રેષ્ઠ પદ્ધતિઓનો ઉપયોગ કરીને થશે.

એનિમલ સર્વિસિસ બાય-લૉ પ્રવર્તમાન સમસ્યાઓને સંબોધશે જેનો સિટી સામનો કરી રહ્યા છે જે જાહેર સુરક્ષા અને પ્રાણીઓની સુખાકારી વિષયક છે.

તાત્કાલિકપણે અમલ થશે તેવા નવા એનિમલ સર્વિસિસ બાય-લૉ હેઠળ નીચે મુજબના બદલાવો અમલી થશે:

**પ્રાણીઓની સંખ્યા**

- દરેક ઘર દીઠ મહત્તમ છ પ્રાણીઓની મંજૂરી છે જેમાં ત્રણ કરતા વધુ કુતરા હોવા જોઈએ નહીં.

**વાડામાં રહેલ મરઘી અથવા કબૂતરો**

- જો તમારી પાસે વાડામાં બે કરતા વધુ મરઘી કે કબૂતર હોય તો લાયસન્સ જરૂર હોવું જોઈશે.
- જો તમારી પાસે બે અથવા ઓછી હોય તો તમારે કૂપને રજીસ્ટર કરાવવાનું રહેશે.

**વન્યજીવને ખોરાક આપવા બાબત**

- બ્રૅમ્પટનમાં વન્યજીવોને ખોરાક આપવા પર પ્રતિબંધ છે. વન્યજીવોને ખોરાક આપવાથી તેઓ પાસે આવતા અને લોકોથી ઘેરાઈ જવામાં નિર્ભય થાય છે.

**માલિકની મિલકત પર હોવ ત્યારે કુતરાઓ પર નિયંત્રણ**

- તેમની મિલકતો પર જે પ્રાણીઓ લીશ બાંધેલા નહીં હોય તેમને માટે વાડ બાંધવાની રહેશે અથવા દોરડાથી બાંધેલા રાખવાના રહેશે.

**મૂળભૂત કાળજીના માનકો**

- તમારે તમારા પાળેલા પ્રાણીઓમાટે મૂળભૂત સંભાળના માનકો પૂરા પાડવાના રહેશે જેમાં સામેલ છે:
  - ખોરાક અને પાણી
  - છત્ર

- તબીબી સંભાળ
- કુદરતી રીતે ફરવા અથવા વ્યાયામ કરવાની જગ્યા
- સ્વચ્છતા
- શારીરિક સુરક્ષા અને સામાન્ય સુખાકારી

સંપૂર્ણ યાદી અહીં જુઓ www.brampton.ca/animalservices

**ટ્રૅપ, ન્યુટર, રિલિઝ એન્ડ મેનેજ પ્રોગ્રામ (TNRM)**

- જે સ્વયંસેવકો TRNM પ્રોગ્રામમાં ભાગ લેતા હોય જે સમુદાયની બિલાડીની વસ્તી ઘટાડે છે તેનું બહુમાન થશે અને જંગલી બિલાડીઓની કોલોની દૂર કરવા અથવા ઘટાડવાના લક્ષ્ય માટે સહાય આપવામાં આવશે.

નવા બાય-લૉ અને બ્રૅમ્પટન એનિમલ સર્વિસિસ અંગે વધુ વિગતો માટે કૃપા કરીને અહીં મુલાકાત લો www.brampton.ca/animalservices

-30

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca